# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref no. PN 2025-26/187 Dt. 16/10/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લગાડવામાં ન આવે તે માટે નવી દિલ્હી ખાતે નીતિ આયોગ સમક્ષ ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી સહિતના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૧૫ ઓકટોબર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે નીતિ આયોગના પ્રોગ્રામ ડિરેક્ટર અને લીન્ક CVO તેમજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની એડવાઇઝરી ટીમના સભ્ય શ્રી સંજીત સિંઘને રૂબરૂ મળીને Mono Ethylene Glycol (MEG)ના આયાત પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી (Anti-Dumping Duty) લગાડવામાં ન આવે તેવી વિગતવાર રજૂઆત કરી હતી.

ઉપરોકત રજૂઆતમાં પોલિએસ્ટર ટેક્ષ્ટાઇલ એપેરલ ઇન્ડસ્ટ્રી એસોસીએશનના સેક્રેટરી જનરલ શ્રી આર.કે. વીજ, NITMA ના શ્રી પંકજ, Indo Rama ના શ્રી લોહિયા અને ડેનિમ મેન્યુફેકચરર્સ એસોસીએશનના શ્રી ગગનદિપ પણ જોડાયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સે રજૂઆતમાં જણાવ્યું હતું કે, ડિરેક્ટર જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (DGTR) દ્વારા તા. 23 સપ્ટેમ્બર, 2025ના રોજ જાહેર કરાયેલ અંતિમ નિષ્કર્ષ (F. No. 6/34/2024-DGTR) મુજબ MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લગાડવાની ભલામણ કરવામાં આવી છે. જો આ ડ્યુટી લાગુ કરવામાં આવે તો તે મેન મેઈડ ફાઇબર (MMF) આધારિત ટેક્સટાઇલ ઉદ્યોગ – જેમ કે યાર્ન, ફિલામેન્ટ, ફેબ્રિક અને ગારમેન્ટ્સના ઉત્પાદકો પર ગંભીર નકારાત્મક અસર કરશે.

ચેમ્બરે રજૂઆતમાં જણાવ્યું હતું કે, હાલ ભારતમાં MEGની કુલ માંગ આશરે 31 લાખ મેટ્રિક ટન જેટલી છે, જ્યારે સ્થાનિક ઉત્પાદન માત્ર 19 લાખ મેટ્રિક ટન જેટલું છે. આ રીતે અંદાજે 12 લાખ મેટ્રિક ટનનો અભાવ છે. દેશમાં MEGના માત્ર ત્રણ જ ઉત્પાદકો છે, જેમાં Indian Oil Corporation, India Glycols અને Reliance Industries Limited નો સમાવેશ થાય છે. તાજેતરમાં MEG પર લાગુ કરાયેલા Quality Control Order (QCO) મુજબ હવે માત્ર BIS પ્રમાણપત્ર ધરાવતી કંપનીઓ પાસેથી જ MEG આયાત કરી શકાય છે, જેના કારણે આયાત પહેલેથી જ મર્યાદિત થઇ ગઈ છે. QCO લાગુ થયા બાદ ઉત્પાદકોએ ભાવમાં વધારો કર્યો છે. MEGમાં આશરે ₹1.5 થી ₹2 પ્રતિ કિલો અને PTAમાં ₹4 થી ₹5 પ્રતિ કિલો સુધીનો વધારો થયો છે.

હવે DGTR દ્વારા નીચે મુજબની એન્ટી ડમ્પિંગ ડ્યુટીની ભલામણ કરવામાં આવી છે:

(i) USD 103 per Ton – Rs.9.00 per kg on Equate (Kuwait)

(ii) USD 113 per Ton – Rs.10.0 per kg on Sabic (Saudi Arabia)

(iii) USD 137 per Ton – Rs.12.0 per kg on Singapore.

ચેમ્બરના જણાવ્યા મુજબ, આ વધારાથી MSME ટેક્સટાઇલ યુનિટ્સ, જે પહેલેથી જ 7-8%ના નફા પર કાર્યરત છે, તેમની પર વધારાનો આર્થિક બોજો પડશે અને ઘણાં યુનિટ્સ બંધ થવાની પરિસ્થિતિ ઊભી થઇ શકે છે. આ ઉપરાંત MMF, યાર્ન, ફિલામેન્ટ, ફેબ્રિક અને ગાર્મેન્ટ્સના ભાવમાં વધારો થશે. ગ્રાહકોને આપવામાં આવેલ GST ઘટાડાનો લાભ નાબૂદ થઇ જશે. રો મટીરિયલની જગ્યાએ તૈયાર માલની આયાત વધશે. રોજગારીમાં ઘટાડો થશે અને રૂ. 20,000 કરોડ જેટલી નવી મૂડીરોકાણની યોજના, જેમાં PLI સ્કીમનો પણ સમાવેશ છે તે ખોરવાઈ જશે.

ચેમ્બરે જણાવ્યું હતું કે, અમેરિકાએ તાજેતરમાં ભારતના ટેક્સટાઇલ પર 50% ટેરિફ લગાવ્યા છે, જેના કારણે ઉદ્યોગ પહેલેથી જ મુશ્કેલીમાં છે. આ પરિસ્થિતિમાં MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાગુ કરવાથી ટેક્સટાઇલ ઉદ્યોગ વધુ મુશ્કેલીમાં મુકાઈ જશે અને રોજગારીની તકો ઘટશે.

આવા સંજોગોમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા નીતિ આયોગને વિનંતી કરવામાં આવી છે કે, તેઓ વિત્ત મંત્રાલયને ભલામણ કરે કે DGTR દ્વારા સૂચવાયેલ MEG પરની એન્ટી ડમ્પિંગ ડ્યુટી સ્વીકારવામાં ન આવે, જેથી સ્થાનિક ટેક્સટાઇલ અને MSME ઉદ્યોગોને રાહત મળી રહે અને નવા રોજગારીના અવસરો સર્જાઈ શકે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરાયેલી રજૂઆત નીતિ આયોગના પ્રોગ્રામ ડિરેક્ટર અને લીન્ક સીવીઓ શ્રી સંજીત સિંઘે શાંતિપૂર્વક સાંભળી હતી અને ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ પર પડનારી માઠી અસર વિષે વિસ્તૃત ચર્ચા કરી આ મામલે યોગ્ય ઘટતું કરવાની ખાત્રી ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળને આપી હતી.